અપીલ અરજી નં.૨૪૧ તા.૧૯–૧૧–૦૮

અરજદારઃ શ્રી અશ્વીન જયંતિલાલ જરીવાલા
સામાવાળાઃ ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી ,રાંદેર ઝોન

***હુકમઃ–***

***વિષય :–***આરટીઆઈ એકટ હેઠળ શ્રી અશ્વીન જયંતિલાલ જરીવાલાની તા.૨૧–૮–૦૮ ની અરજીથી અડાજણ સર્વે નં.૩૮૯ ટી.પી.નં.૧૨ પ્લોટ નં.૯ પર હાલમાં ચાલતું બાંધકામ કાયદેસર છે કે ગેરકાયદેસર તે બાબતની મુદ્દા નં.૧ થી ૫ ની માહિતી આપવા બાબત.

***સંદર્ભ :–*** અરજદાર મજકુરની તા.૧૯–૧૧–'૦૮ ની અપીલ અરજી નં.૨૪૧/૨૦૦૮–૦૯

શ્રી અશ્વીન જયંતિલાલ જરીવાલાની તા.૨૧–૮–૦૮ ની અરજીથી અડાજણ સર્વે નં.૩૮૯ ટી.પી.નં.૧૨ પ્લોટ નં.૯ પર હાલમાં ચાલતું બાંધકામ કાયદેસર છે કે ગેરકાયદેસર તે બાબતની મુદ્દા નં.૧ થી ૫ ની માહિતી આપવા બાબતે આપેલ માહિતીની દસ્તાવેજીફી વધુ લીધેલ હોવાની અપીલમાં કરેલ રજુઆત અને તેવા મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૯–૧૧–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નકલ ફી ભરવા જણાવેલ પત્ર તથા નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૮૧૨ તા.૨૭–૧૧–૦૮ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી ,રાંદેર ઝોનને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસધાને તેઓ તરફથી પશ્ચિમઝોન રાંદેર/આ.ન.૧૫૭૩ તા.૪–૧૨–૦૮ થી અત્રેના વિભાગને માહિતી મળેલ છે.

અરજદારે અપીલ અરજીમાં ડેવલપ પરમીશનની ઝેરોક્ષના નકલ રૂ.૨/– તથા લે આઉટ તેમજ બિલ્ડીંગ પ્લાનની ઝેરોક્ષ નકલના રૂ.૫૦/– મળી કુલ્લે રૂ.૫૨/– દસ્તાવેજ ફી લેવા જોગ થાય છે તેની જગ્યાએ તેમની પાસેથી રસીદ નં.૨૨૫૩૨૪ તા.૨૩–૯–૦૮ થી દસ્તાવેજ ફી ભરપાઈ કર્યાની રસીદ રજુ કરેલ છે. આ રીતે દસ્તાવેજ ફીના રૂ.૫૨૦/– ના રીફંડની માંગણી કરેલ છે. જાહેર માહિતી અધિકારીકક્ષાએથી પશ્ચિમઝોન રાંદેર/આ.ન.૧૫૭૩ તા.૪–૧૨–૦૮ થી પૂરી પાડેલી પૂરક માહિતીમાં રજાચિઠ્ઠીના રૂ.૨/– તથા પ્લાનની નકલના એક ચો.મી. રૂ.૧૦૦૦/– લેખે ગણતરી કરી રૂ.૫૭૦/– મળી કુલ રૂ.૫૭૨/– તા.૨૩–૯–૦૮ ના રોજ વસુલ લીધેલ છે જે અંગે સ્થા.સ. ઠરાવ નં.૩૭૯/ ૨૦૦૮ ની પ્લાનની નકલની કિંમત રજુ કરતી કોપી મુકેલ છે. જેમાં અરજદારને મંજુર પ્લાનની પ્રમાણિત નકલ ટ્રેસીંગ કરી તથા એમોનીયા પ્રથમ કોપીના ૧ ચો.મી. ના ભાવ ઠરાવેલ છે. સદર કિસ્સામાં અરજદારને ઝેરોક્ષ નકલની કોપી પૂરી પડાયેલ છે તેવી રજુઆત અરજદારે કરેલ છે તેમજ તેને નિયત નમુના 'ગ' માં દસ્તાવેજ ફીની માહિતી પૂરી પાડેલ નથી તેવી રજુઆત કરેલ છે. સદર કિસ્સામાં ઝેરોક્ષ નકલ કોપીને પ્રમાણિત ટ્રેસીંગ કોપી તથા એમોનીયાની પ્રથમ કોપીના લગાડેલ ભાવ અંગે તકરાર છે. જાહેર માહિતી અધિકારી ધ્વારા અપીલની નકલસહ પૂરક માહિતી માંગતા તે તબકકે અરજદારના પ્લાનની ઝેરોક્ષ નકલ આ પ્યાના દાવાને ઈન્કાર કરેલ નથી. જે સૂચવે છે કે અરજદારને પ્લાનની ઝેરોક્ષ નકલ આપેલ છે આમ અરજદારને ઝેરોક્ષ નકલ પૂરી પડાયેલ હોય તે સંજોગોમાં તે અંગે થયેલ ખરેખર ખર્ચ આરટીઆઈ એકટના કાયદા અને નિયમની જોગવાઈ અનુસાર કલમ–૭ (૧) અને (૩) તથા નિયમ–૫ અનુસાર દસ્તાવેજ ફીની ખરેખર રકમ વસુલ લેવાની રહે છે.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૧–૮–૦૮ મુળ અરજીથી માંગવામાં આવેલી માહિતી અંગે અરજદારને પૂરી પાડવામાં આવેલ માહિતી દસ્તાવેજ અંગે પ્લાન પરમીશનની એક નકલના રૂા.૨/– તથા પ્લાનની નકલ અંગે થયેલ ખરેખર ખર્ચ મુજબની ફી વસુલ લેવા પાત્ર રહે તેથી તે સિવાયની વસુલાત લેવાયેલ ફી અરજદારને દિન–૧૦ માં પરત કરી થયેલ કાર્યવાહીની જાણ અત્રેને કરવા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી રાંદેરઝોનને જણાવવામાં આવે છે. "

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૧૨ –૦૮.

***ડે.કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***
(૧)ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી,રાંદેર ઝોન ..... જાણ તથા અમલ માટે
(૨) શ્રી અશ્વીન જયંતિલાલ જરીવાલા,